UNITY PUBLICATION™

મૉડલ પ્રશ્નપત્ર ક્રમાંક

UNITY/CCE-A/P3/03

ગૌણ સેવા પસંદગી મંડળની નવી પરીક્ષા પદ્ધતિ મુજબ

સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા (CCE)
ગ્રુપ-A મુખ્ય પરીક્ષા

પ્રશ્નપત્ર-3 : સામાન્ય અભ્યાસ (વર્ણનાત્મક)

યુનિટી પેપરસેટ · મૉડલ પ્રશ્નપત્ર – 3

સમય : 3 કલાક | **કુલ પ્રશ્નો : 56** | **કુલ ગુણ : 150**

ઉમેદવારનું નામ : ..... તારીખ : .....

શરૂ કર્યાનો સમય : ..... મેળવેલ ગુણ : _____ / 150

ઉમેદવારો માટે સૂચનાઓ

1. આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગમાં કુલ 56 પ્રશ્નો છે. તમામ પ્રશ્નો ફરજિયાત છે.
2. દરેક પ્રશ્નના ગુણ પ્રશ્નની સામે જમણી બાજુ દર્શાવેલ છે.
3. ઉત્તર નીચે દર્શાવેલ શબ્દમર્યાદામાં જ લખો. શબ્દમર્યાદા કરતાં ઘણો લાંબો કે ટૂંકો ઉત્તર ગુણ ઘટાડી શકે છે.
4. જરૂર જણાય ત્યાં કોષ્ટક, ફ્લોચાર્ટ, આકૃતિ કે નકશો દોરી શકો છો.
5. ઉત્તર ગુજરાતી ભાષામાં, સ્પષ્ટ અને સુવાચ્ય અક્ષરે લખો.
6. ઘડિયાળ સામે રાખી 3 કલાકમાં આખું પ્રશ્નપત્ર લખો. ઉત્તરો "યુનિટી પેપરસેટ" પુસ્તકના આદર્શ ઉત્તર સાથે સરખાવી જાતે ગુણ આપો.

વિભાગ	પ્રશ્ન ક્રમ	પ્રશ્ન × ગુણ	શબ્દમર્યાદા	કુલ ગુણ
ક	1 – 10	10 × 1	10–20 શબ્દો	10
ખ	11 – 20	10 × 2	20–30 શબ્દો	20
ગ	21 – 50	30 × 3	30–50 શબ્દો	90
ઘ	51 – 56	6 × 5	આશરે 100 શબ્દો	30

આ યુનિટી પબ્લિકેશન દ્વારા તૈયાર કરાયેલું મહાવરા માટેનું મૉડલ પ્રશ્નપત્ર છે. તે ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા પ્રકાશિત નથી.

TELEGRAM

નવાં પ્રશ્નપત્રો માટે અમારી ટેલિગ્રામ ચેનલમાં જોડાઓ

t.me/madhavdholakiya · www.unitypublication.org

ઉત્તર સહિત 25 પ્રશ્નપત્રો માટે: યુનિટી પેપરસેટ – CCE ગ્રુપ-A

WEBSITE

વિભાગ – ક : 1 ગુણના પ્રશ્નો

પ્રશ્ન 1–10 · ઉત્તર: 10–20 શબ્દો

પ્ર. 1 ઋગ્વેદમાં કેટલાં મંડળ અને સૂક્તો છે? **[1]**

પ્ર. 2 'અજરખ' બ્લોક પ્રિન્ટિંગ ગુજરાતના કયા જિલ્લા અને ગામ સાથે સંકળાયેલું છે? **[1]**

પ્ર. 3 'રેડ કોલર' શ્રમિકો કોને કહેવામાં આવે છે? **[1]**

પ્ર. 4 ભારતનો પ્રથમ કૃત્રિમ ઉપગ્રહ કયો હતો અને તેનું પ્રક્ષેપણ કઈ રીતે કરવામાં આવ્યું હતું? **[1]**

પ્ર. 5 ભારતના 53મા મુખ્ય ન્યાયાધીશ કોણ છે? તેમણે ક્યારે શપથ લીધા? **[1]**

પ્ર. 6 ગુજરાત અંદાજપત્ર 2026-27ના "GYAN" અભિગમનો અર્થ જણાવો. **[1]**

પ્ર. 7 રાજ્યની કારોબારી સત્તા બંધારણના કયા અનુચ્છેદ હેઠળ રાજ્યપાલમાં નિહિત છે? **[1]**

પ્ર. 8 સંસદનું સત્ર કોણ બોલાવે છે અને બે સત્રો વચ્ચે મહત્તમ કેટલો ગાળો હોઈ શકે? **[1]**

પ્ર. 9 માનવ વિકાસ સૂચકાંક (HDI)ની ગણતરી કયા ત્રણ મુખ્ય ઘટકોના આધારે કરવામાં આવે છે? **[1]**

પ્ર. 10 'પ્રચ્છન્ન બેરોજગારી' એટલે શું? **[1]**

વિભાગ – ખ : 2 ગુણના પ્રશ્નો

પ્રશ્ન 11–20 · ઉત્તર: 20–30 શબ્દો

પ્ર. 11 જૈન ધર્મનાં 'ત્રિરત્ન' ટૂંકમાં સમજાવો. **[2]**

પ્ર. 12 'મશરૂ' કાપડની વિશેષતા શું છે અને તે ક્યાં બને છે? **[2]**

પ્ર. 13 ભૂમધ્ય સમુદ્રીય ખેતી આર્થિક રીતે કેમ વિશિષ્ટ ગણાય છે? **[2]**

પ્ર. 14 G20 2026ના અધ્યક્ષપદ અને શિખર સંમેલન બાબતે જણાવો. **[2]**

પ્ર. 15 પોપ લિયો ચૌદમાની પસંદગી (મે 2025) વિશે ટૂંકમાં જણાવો. **[2]**

પ્ર. 16 અનુચ્છેદ 239(2) હેઠળ રાજ્યપાલને નજીકના કેન્દ્રશાસિત પ્રદેશના વહીવટદાર તરીકે નીમી શકાય? ઉદાહરણ આપો. **[2]**

પ્ર. 17 ગ્રામીણ વિકાસ નીતિઓમાં ‘નીચેથી ઉપર’ અભિગમનો અર્થ અને તેના અમલીકરણની સમસ્યા જણાવો. **[2]**

પ્ર. 18 ભાવનાત્મક બુદ્ધિમત્તા (EQ) અને બૌદ્ધિક આંક (IQ) વચ્ચેનો તફાવત સમજાવો. **[2]**

પ્ર. 19 કુલ ઘરેલુ ઉત્પાદન (GDP)ની વ્યાખ્યા આપો અને તેની ગણતરીની ત્રણ પદ્ધતિઓ જણાવો. **[2]**

પ્ર. 20 ગ્રામીણ અર્થતંત્રમાં કૃષિની ભૂમિકા સમજાવો. **[2]**

વિભાગ – ગ : 3 ગુણના પ્રશ્નો

પ્રશ્ન 21–50 · ઉત્તર: 30–50 શબ્દો

પ્ર. 21 વૈદિક કાળની વર્ણ અને આશ્રમ વ્યવસ્થા ટૂંકમાં સમજાવો. **[3]**

પ્ર. 22	બૌદ્ધ ધર્મનાં ચાર આર્યસત્યો સમજાવો.	**[3]**
પ્ર. 23	જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ વચ્ચેનો તફાવત સમજાવો.	**[3]**
પ્ર. 24	ચાર બૌદ્ધ સંગીતિઓ ટૂંકમાં જણાવો.	**[3]**
પ્ર. 25	'પટોળા' સાડીની વિશિષ્ટ ટેકનિક શું છે અને તે ક્યાં બનાવવામાં આવે છે?	**[3]**
પ્ર. 26	ગુજરાતી લોકસંસ્કૃતિનાં લક્ષણો અને તેની વ્યાપ્તિ સમજાવો.	**[3]**
પ્ર. 27	ઇન્ડિયન પીપલ્સ થિયેટર એસોસિએશન (IPTA)નો ભારતીય સિનેમા પર શો પ્રભાવ રહ્યો?	**[3]**
પ્ર. 28	'દેશી નાટક સમાજ'ની સ્થાપના ક્યારે અને કોના દ્વારા થઈ? તેનું યોગદાન જણાવો.	**[3]**
પ્ર. 29	ગુજરાતના 'બન્ની' ક્ષેત્રની ભૌગોલિક વિશેષતાઓ અને તેના સંરક્ષણના પડકારો જણાવો.	**[3]**
પ્ર. 30	'વિકાસ વિરુદ્ધ પર્યાવરણ'ની દ્વિધા સમજાવી, તેને સંતુલિત કરવાના ઉપાયો સૂચવો.	**[3]**
પ્ર. 31	'આશ્રિત વસ્તી' અને 'કાર્યશીલ વસ્તી' વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરી તેનું સામાજિક-આર્થિક મહત્ત્વ સમજાવો.	**[3]**
પ્ર. 32	સ્થળાંતરિત ખેતીની પ્રક્રિયા સમજાવી, તેના પર્યાવરણીય પડકારોની ચર્ચા કરો.	**[3]**
પ્ર. 33	શિક્ષણ ક્ષેત્રે ICTના ઉપયોગથી થતા મુખ્ય લાભોની ચર્ચા કરો.	**[3]**
પ્ર. 34	ક્રાયોજેનિક એન્જિન ટેકનોલોજી શું છે? ભારતે તેને સ્વદેશી રીતે વિકસાવવામાં કયા પડકારોનો સામનો કર્યો?	**[3]**
પ્ર. 35	અણુ વીજમથકોના કિરણોત્સર્ગી કચરાના વ્યવસ્થાપનના પડકારો અને ભારતની 'બંધ ઇંધણ ચક્ર' (પુનઃપ્રક્રિયા) નીતિ સમજાવો.	**[3]**
પ્ર. 36	ડિસેમ્બર 2025થી ઑક્ટોબર 2026 સુધી રેપો દરમાં થયેલા ફેરફારો જણાવો.	**[3]**
પ્ર. 37	ઑનલાઇન ગેમિંગ પ્રોત્સાહન અને નિયમન અધિનિયમ, 2025ની મુખ્ય જોગવાઈઓ જણાવો.	**[3]**
પ્ર. 38	કેરળનું નામ "કેરળમ્" કરવાની પ્રક્રિયા ટૂંકમાં જણાવો.	**[3]**
પ્ર. 39	તમિલનાડુ રાજ્યપાલ કેસ (એપ્રિલ 2025)નો ચુકાદો શું હતો? સંઘીય સંતુલન માટે તેનું શું મહત્ત્વ છે?	**[3]**
પ્ર. 40	અનુચ્છેદ 32ને ‘બંધારણનો આત્મા’ કેમ કહેવામાં આવે છે? તેનું મહત્ત્વ સમજાવો.	**[3]**
પ્ર. 41	કેન્દ્રશાસિત પ્રદેશોનો વહીવટ કેવી રીતે થાય છે? રાજ્યો કરતાં તેમાં શો તફાવત છે?	**[3]**
પ્ર. 42	અનુચ્છેદ 174 હેઠળ રાજ્યપાલની વિધાનસભાનું સત્ર બોલાવવાની, સત્રાવસાન કરવાની અને વિધાનસભાનું વિસર્જન કરવાની સત્તા તથા તેની મર્યાદાઓ સમજાવો.	**[3]**
પ્ર. 43	ભારતીય સંસદની દ્વિગૃહી રચનાનાં કારણો અને તેના સંઘીય મહત્ત્વનું વિશ્લેષણ કરો.	**[3]**
પ્ર. 44	ભારતના ન્યાયતંત્રના માળખાનું વર્ણન કરો. તેની કાર્યપ્રણાલીની મુખ્ય લાક્ષણિકતાઓ જણાવો.	**[3]**
પ્ર. 45	રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ (NHRC)ની રચના, કાર્યો અને મહત્ત્વ જણાવો.	**[3]**
પ્ર. 46	વિશ્વ બેંક સમૂહની સભ્ય સંસ્થાઓ અને તેમનાં કાર્યો સમજાવો.	**[3]**

પ્ર. 47 ભ્રષ્ટાચારની વ્યાખ્યા આપો અને તેના પ્રકારો જણાવો. **[3]**

પ્ર. 48 GDP અને GNP વચ્ચેનો મુખ્ય તફાવત સમજાવો. **[3]**

પ્ર. 49 ગુજરાતના આર્થિક વિકાસમાં જામનગર-વડોદરા-ભરૂચ પટ્ટાના પેટ્રોકેમિકલ ઉદ્યોગની ભૂમિકા જણાવો. **[3]**

પ્ર. 50 ભારતના આયોજનના વિકાસમાં 'રોલિંગ પ્લાન'નો ખ્યાલ શું છે અને તેનો હેતુ શો હતો? **[3]**

વિભાગ – ઘ : 5 ગુણના પ્રશ્નો

પ્રશ્ન 51–56 · ઉત્તર: આશરે 100 શબ્દો

પ્ર. 51 16મા નાણાપંચની મુખ્ય ભલામણોની રાજકોષીય સંઘવાદના સંદર્ભમાં ચર્ચા કરો. **[5]**

પ્ર. 52 ગગનયાન કાર્યક્રમની તાજેતરની પ્રગતિ અને આગળના તબક્કાઓની ચર્ચા કરો. **[5]**

પ્ર. 53 તમિલનાડુમાં 2026માં ત્રિશંકુ વિધાનસભા પછી થયેલી સરકાર રચનાની પ્રક્રિયા ચર્ચો. **[5]**

પ્ર. 54 રાષ્ટ્રીય સુરક્ષા અને વિદેશ નીતિ સંબંધિત કેન્દ્ર સરકારની મુખ્ય ફરજો જણાવો. **[5]**

પ્ર. 55 ભારતમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ દ્વારા વિકાસ યોજનાઓના અમલીકરણમાં કઈ સમસ્યાઓ છે? તેના ઉપાયો સૂચવો. **[5]**

પ્ર. 56 તમે એક મહાનગરપાલિકામાં જાહેર માહિતી અધિકારી છો. એક નિવૃત્ત શિક્ષકે માહિતી અધિકાર હેઠળ અરજી કરી છે. તેમણે તાજેતરમાં બનેલા અને પહેલા જ ચોમાસામાં તૂટી ગયેલા એક રસ્તાના કરારની નકલ, ગુણવત્તા ચકાસણીના અહેવાલો અને ઠેકેદારને થયેલી ચુકવણીની વિગતો માગી છે. ફાઇલ જોતાં તમને લાગે છે કે ચકાસણીના અહેવાલોમાં ગંભીર ખામીઓ છે. તમારા ઉપરી અધિકારી મૌખિક સૂચના આપે છે કે "ચૂંટણી નજીક છે, અરજદારને અધૂરી માહિતી આપો અથવા કોઈ બહાનું કાઢી જવાબ મોડો કરો." અરજીને 20 દિવસ થઈ ગયા છે અને સ્થાનિક અખબારો પણ આ રસ્તા વિશે સવાલ ઉઠાવી રહ્યાં છે.
આ કિસ્સામાં કયા નૈતિક મુદ્દા સંકળાયેલા છે? તમારી પાસે કયા વિકલ્પો છે? તમે કયો નિર્ણય લેશો અને શા માટે? **[5]**

— પ્રશ્નપત્ર સમાપ્ત —

આ પ્રશ્નપત્રના **આદર્શ ઉત્તર**, હસ્તલિખિત **માસ્ટર પેપર** અને બીજાં 24 પ્રશ્નપત્રો
યુનિટી પેપરસેટ – CCE ગ્રુપ-A પુસ્તકમાં

પ્રિન્ટ પુસ્તક
QR સ્કેન કરી ઓર્ડર કરો

ઈ-બુક
QR સ્કેન કરી ખરીદો

www.unitypublication.org